©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 18th SEPTEMBER, 2025/BHADRA 27, 1947 [No. 6236

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચન

પત્ર નંબર : મુ.ન.ર.યો. નં.૬૦(ખોડીયાર)/કલમ-૪૨ (૧)/ઔડા/૧૫૦૨૮.–આથી લાગતા-વળગતા તથા સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે તા. ૨૩-૦૯-૨૦૨૪ ની બોર્ડ બેઠકનાં ઠરાવ ક્રમાંક : ૩૩(૨૦૨૩૩(૨૦૨૪-૨૦૨૫) થી નગર રચના યોજના નં.૬૦(ખોડીયાર)(પ્રથમ ફેરફાર) બનાવવા માટેનો ઈરાદો જાહેર કરેલ. સદર ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ સરકારશ્રીના તા. ૧૦-૧૦-૨૦૨૪ ના રાજયપત્રમાં પાના નં. ૩૮૧ ઉપર તથા દૈનિક વર્તમાનપત્ર ''નવગુજરાત સમય'' અને ''ગુજરાત સમાચાર'' માં તા.૧૨-૧૦-૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

તા. ૧૦-૧૦-૨૦૨૪ થી નગર રચના યોજના નં.૬૦(ખોડીયાર)(પ્રથમ ફેરફાર) બનાવવાનો ઈરાદો જાહેર કરેલ, તેના અનુસંધાને સત્તામંડળ દ્વારા સદરહું યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ નં.૧૭ મુજબ સંબંધકર્તા અને હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓને વ્યક્તિગત તથા જાહેર નોટિસ આપી તેઓની સાથે બીજો માળ, આલેખન શાખા, ઔડા, ઉસ્માનપુરા, અમદાવાદ મુકામે તા. ૧૬-૦૬-૨૦૨૫ ના રોજ યોજનાના સુચનો મેળવવા માટે ઓનર્સ મીટીગ યોજવામાં આવેલ. સદર ઓનર્સ મીટીગમાં સમજાવવામાં આવેલ કામચલાઉ દરખાસ્તોના અનુસંધાને આવેલ સુચનો/વાંધાઓ ધ્યાને લઈ સદરહું યોજનાની મુસદ્દારૂપ દરખાસ્તો અંતિમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઉકત કાયદાની કલમ-૪૨ (૧) મુજબ નગર રચના યોજના નં.૬૦(ખોડીયાર)(પ્રથમ ફેરફાર) ની દરખાસ્તોથી અસર પામતા શખ્સોનાં વાંધા-સુચનો મેળવવા માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) યોજનાની વિસ્તાર હદ તથા રેવન્યુ સર્વે નંબરો / બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં. ૧).

(૨) મુળખંડની હદો, નંબરો તથા રેવન્યુ સર્વે નંબરો / બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં. ૨).

(૩) મુળખંડ તેમજ અંતિમખંડની હદ તથા રસ્તાઓ દર્શાવતો નકશો (નકશા નં. ૩).

(૪) અંતિમખંડની હદ, રસ્તાઓ તથા સત્તામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડોની હદો દર્શાવતો નકશો (નકશા નં. ૪).

(૫) યોજનામાં સુચવેલ સવલતો દર્શાવતો નકશો (નકશા નં. ૪/અ).

(૬) મૂલ્યાંકન અન્વયે ધ્યાને લીધેલ વેચાણ દર્શાવતો નકશો (નકશા નં. ૫).

(૭) યોજનાનો ટૂંકો ઇતિહાસ અને ટૂંકનોંધ.

(૮) ફોર્મ ''એફ'' [પુનઃવહેંચણી તથા મૂલ્યાંકન પત્રક (નિયમ નં. ૨૧ અને ૩૫.)]

(૯) યોજનાની નાણાંકીય જોગવાઇઓ દર્શાવતું પત્રક [''જી'' ફોર્મ.]

(૧૦) યોજનાઓના સૂચિત કામોનાં અંદાજપત્રક.

(૧૧) મૂળખંડ તેમજ અંતિમખંડની વિકસીત તથા અવિકસીત કિંમતનાં અંદાજનાં દર દર્શાવતું પત્રક.

(૧૨) અનુક્રમ નં. ૧૧માં જણાવેલ મૂલ્યાંકન અંગે ધ્યાને લીધેલ જંત્રીના દર દર્શાવતું પત્રક.

(૧૩) મૂળખંડને અંતિમખંડ ફાળવતા કરવામાં આવેલ જમીનની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક.

(૧૪) બાંધકામ નિયંત્રણ અંગેના નિયમો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ નં. ૧૮(૨) અન્વયે ઉપરોકત અધિસૂચન સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સદરહું નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામતી / પામેલ કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખિત વાંધા અને/અથવા સૂચનો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ની કચેરીમાં લખી જણાવશે તો તે લેખિત વાંધા/સૂચનો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સદરહું યોજનાનો મુસદ્દો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૮ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે, તેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક : ૬૦ (ખોડીયાર)(પ્રથમ ફેરફાર)/૧૫૦૨૭

તારીખ : ૧૬-૦૯-૨૦૨૫

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ.

સરનામું :
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,
સરદાર પટેલ સંકુલ, ઉસ્માનપૂરા,
આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.19 15:15:27 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot